# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**પરિપત્ર :–**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર્સ તથા કોલેજોના પ્લેસમેન્ટ ઓફીસર્સને જણાવવાનું કે સ્વાવલંબી ભારત અભિયાન, ગુજરાત રાજય અંતર્ગત યુવાઓમાં સ્વાવલંબન સંદર્ભે પ્રેરણા ઉત્પન થાય, યુવાધનમાં મધ્ય સ્વરોજગારની ભાવના જાગૃત બને અને તેઓ નોકરી માંગનાર નહી પરંતુ નોકરીદાતા બને તે હેતુથી તા.૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે સવારે ૦૯:૦૦ કલાકે સ્વદેશી જાગરણ મંચ, નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગઠક માનનીય કશ્મીરીલાલજી ઉપયોગી માર્ગદર્શન આપશે. સાથે સાથે યુનિવર્સિટી તથા કોલેજ કક્ષાએ 'રોજગાર સૃઝન કેન્દ્ર' શરૂ કરી વિદ્યાર્થીઓ રોજગારી મેળવવા તથા રોજગારી આપવા સક્ષમ બને તે માટે પણ સમાજોપયોગી કાર્ય કરવામાં આવનાર છે. આર્થિક સ્વાવલંબનમાં શિક્ષકોની ભૂમિકા, અગ્રણી ઉદ્યોગકારો સાથે બેઠક કરી તેમના યુનિટમાં રોજગારની સ્થિતિ, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ દ્વારા ઝળહળતી સફળતા પામેલ અને નોકરીદાતા બનેલ એન્ટ્રોપ્રેન્યોર્સનું સન્માન, શહેરના અગ્રણી અને પ્રતિષ્ઠિત અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે વિચારગોષ્ઠી વિગેરે અગત્યના મુદાઓને સમગ્ર દિવસ દરમ્યાન ચોક્કસ દિશા આપવામાં આવશે. તો આ માટે કોલેજોના આચાર્યશ્રીઓ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર્સ, પ્લેસમેન્ટ ઓફીસર્સ, દરેક કોલેજમાંથી બે એન.એસ.એસ. સ્વયંસેવકો, અનુસ્નાતકમાં અભ્યાસ કરતા તથા અન્ય વિદ્યાર્થીઓ આ સાથે આપેલ લીક ઉપર જઈ તા.૧૮/૦૧/૨૦૨૪ સવારના ૧૧:૦૦ વાગ્યા સુધીમાં ગુગલ ફોર્મ ભરીને રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે. વિગતવાર કાર્યક્રમની રૂપરેખા રજીસ્ટર્ડ થયેલા વ્યકિતઓને મોકલવામાં આવશે.

**ગુગલ ફોર્મ લીક :** https://forms.gle/HXQu7Tb88fA52a8p9

ડી.ડી.એમ. ચુનડીયા
**કુલસચિવ**

**ક્રમાંક :બીકેએનએમયુ/રજી/ ૨૩/૨૦૨૪**
**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**સરકારી પોલીટેકનીક કેમ્પસ, બીકેએનએમયુ રોડ,ખડીયા, જૂનાગઢ**
**તા.૧૬/૦૧/૨૦૨૪**

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, પી.જી.સેન્ટરના વડા, અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર્સ તથા કોલેજોના પ્લેસમેન્ટ ઓફીસર્સ તરફ...

**નકલ સાદર રવાના :**

- કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**

- આઈ.ટી.સેલ વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે